નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર
06 JUN 2002

અનુસૂચિત જાતિના લેખકો,સાહિત્યકારો અને
પી.એચ.ડી.ધારકોને તેમના સાહિત્યના
પ્રકાશન માટે નાણાંકીય સહાય.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦૦૧/ન.બા.૧૪/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૨૨-૫-૨૦૦૨

ઠરાવઃ-

રાજયમાં અનુસુચિત જાતિના નવોદિત લેખકો સર્જકો,સંશોધકો અને પી. એચ. ડી. ધારકો તેમણે તૈયાર કરેલા સર્જનાત્મક, સંશોધનાત્મક અને વિવેચનાત્મક લખાણો તેમજ મહાનિબંધોનાં પ્રકાશન માટે તેઓની આર્થિક પરિસ્થિતિ સધ્ધર નહી હોવાના કારણે મુશ્કેલીઓ અનુભવતા હતા. જેથી અનુસુચિત જાતિના સાહિત્યકારો,સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી. ધારકોએ તૈયાર કરેલા સર્જનાત્મક વિવેચનાત્મક તથા સંશોધનાત્મક સાહિત્ય તેમજ મહાનિબંધોનું પ્રકાશન કરવા માટે તેમને નાણાંકીય સહાય આપવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી.ધારકોને તેમનાં લખાણો તથા સાહિત્યના પ્રકાશન માટે રુ.૧૦ હજાર (રુપિયા દશ હજાર) સુધીની નાણાંકીય સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ યોજના અન્વયે અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મળવાપાત્ર રહેશે. આ સહાય કેવળ મૌલિક લખાણો માટે જ મળી શકશે અને કોઈ પણ અનુવાદ માટે સહાય મળી શકશે નહી.

૩. આ યોજના હેઠળ સહાય મેળવવા માટેની શરતો નીચે મુજબ છે.

(ક) સહાય માટે પાત્ર ઠરેલી હસ્તપ્રત માટે વધુમાં વધુ રુ. ૧૦, ૦૦૦ (દસહજાર) ની મર્યાદામાં હસ્તપ્રતની ૫૦૦ નકલો ના મુદ્દ્રણ અંગે કરેલા ખરેખર ખર્ચના ૭૫ ટકા સહાય આપવામાં આવશે. પરંતુ કોઈ પણ કિસ્સામાં સહાયની રકમ રુ.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દશ હજાર પુરા) થી વધશે નહી. મંજૂર કરાયેલ સહાયની કૃતિ પ્રકાશિત કરી તેના મુદ્દ્રણ અંગેના વાઉચર નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણને રજુ કર્યેથી સહાયની રકમ ચુકવવા પાત્ર થશે.

(ખ) પ્રગટ કરેલી નકલોની સંખ્યા ૫૦૦ કરતા ઓછી હોવી જોઈશે નહી.

(ગ) પ્રગટ કૃતિની ૧૫ નકલો વિના મૂલ્યે ડો.આંબેડકર ભવન, સે.૧૨, ગાંધીનગરને આપવાની રહેશે.

— 2 —

(ઘ) "સામાજીક ન્યાય અનેઅધિકારીતા વિભાગ, ગુજરાત સરકારની નાંણાકીય સહાયથી પ્રકાશિત કર્યુ "એવી ૠણ સ્વીકારની પંકિત અંદરના મુખપૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે છપાવવાની રહેશે.

(ચ) પ્રગટ થતી કૃતિમાં કોઈ જાહેરાત કે કોઈ પ્રકારનો વેપાર વિષયક સંદેશો લઈ શકાશે નહી.

(છ) નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણની પૂર્વ મંજૂરી સિવાય આ યોજના હેઠળ સહાય મંજુર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં કોઈ સુધારો કરી શકાશે નહી.

(જ) હસ્તપ્રત મંજુરીના હુકમની તારીખથી એક વર્ષમાં પ્રગટ કરવાની રહેશે. સમય મર્યાદામાં પ્રગટ નહી કરનારની સહાય આપો આપ રદ થયેલી ગણાશે. નિયામક, અનુસૂચિતજાતિ કલ્યાણને પોતાને એમ કરવુ જરુરી જણાયતો સહાય મંજુર કરતા હુકમ હેઠળ ઉપર જણાવેલી શરતો ઉપરાંત બીજી શરતોનું પાલન કરવાંનું આવશ્યક બનાવી શકશે.

(ઝ) હસ્તપ્રતની જોડણી સરકારમાન્ય ગુજરાત વિદ્યાપીઠની સાર્થ જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.

(ટ) મળેલ સહાયની રકમ અન્ય કોઈ ખાનગી પ્રકાશન કે સંસ્થાને તબદીલ કરી શકાશે નહી તથા તે માટેની આર્થિક સહાય અન્યત્રથી મેળવી શકાશે નહી.

૪. આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક:૯૩ હેઠળ અંદાજપત્રના સદર -૨૨૨૫-અનુ. જાતિઓ અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગનું કલ્યાણ-૦૧-અનુ.જાતિનું કલ્યાણ-૨૭૭ -શિક્ષણ-બીસીકે-૨૬-સર્જનાત્મક સાહિત્યના પ્રકાશન અર્થે અનુ.જાતિના લેખકને નાણાંકીય સહાય" સદરે ઉધારવાનું રહેશે અને તે હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૫. આ વિભાગનો તા.૬-૧૨-૨૦૦૧ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૧૦-૫-૨૦૦૨ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.પ્રજાપતિ)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય,ગાંધીનગર
નાણાંકીય સલાહકારશ્રી;સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારી, ગાંધીનગર
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સિલેકટ ફાઈલ.
૧૦૪જીપી